# અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂ સાથે ઝડપાતા શખ્સોને પાસામાં ધકેલવા માંગ

## બુટલેગરો સામે પાસાનું શસ્ત્ર ઉગામવામાં તંત્ર નિરસ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

શામળાજી સરહદેથી રોજ વિદેશી દારૂ ભરીને આવતા પરપ્રાંતિય શખ્સોને પોલીસ ઝડપી તો લે છે પરંતુ માત્ર પ્રોહીબીશનનો ગુનો નોંધી કાર્યવાહી આટોપી દેવાતી હોય છે જેથી વિદેશી દારૂ સાથે ઝડપાતા પરપ્રાંતિયોને પાસામાં ધકેલવાની માંગ ઉઠવા પામી છે. જિલ્લાનું વહીવટી તંત્ર વિદેશી દારૂની બદીને મુક સંમતિ આપતું હોય તેમ વિદેશી દારૂ સાથે ઝડપાતા શખ્સોને પાસાના કાયદા હેઠળ ધકેલવામાં નિરસ બની રહ્યું છે.

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ ઉપર અમલી બની રહ્યો છે. રાજસ્થાન સરહદેથી મોટા પાયે વિદેશી દારૂ ગુજરાતમાં ધુસાડવા માટે નેશનલ હાઈવે નં.૮નો કોઈપણ પ્રકારના ભય વગર શામળાજી સરહદથી ઉપયોગ થઈ રહ્યો છે. સ્થાનિક પોલીસનું ઉઘરાણું શરૂ થાય ત્યારે આર.આર.સેલ છાપો મારી લાખોનો વિદેશી શરાબ ઝડપી પાડે છે ત્યારબાદ આર.આર.સેલને જવાબ આપવા સ્થાનિક પોલીસ લાખોનો વિદેશી શરાબ ઝડપી પાડે છે. પરંતુ બંન્ને વિભાગની નબળાઈઓના કારણે ગુજરાતમાં ઘુસાડાતા દારૂની કિંમત દર મહિને કરોડોનો આંકડો વટાવી રહી છે. આજથી દાયકા અગાઉ જિલ્લામાં વિદેશી શરાબ ભરેલું વાહન ઝડપાય એટલે આરોપીઓને તાત્કાલિક પાસા હેઠળ જેલમાં ધકેલવાનો શિરસ્તો તે સમયના સાબરકાંઠા પોલીસ વડા રાજુ ભાર્ગવે અપનાવ્યો હતો પરંતુ ત્યાર પછી એકપણ પોલીસ વડાએ આ પ્રકારની હિંમત દેખાડી નથી. ટૂંકમાં અરવલ્લી પોલીસ ગુજરાતને દારૂબંધીની ચુંગાલમાંથી છોડાવવા માગતી હોય અને નિયત સાફ હોય તો વિદેશી શરાબની હેરાફેરીમાં ઝડપાતા આરોપીઓને પાસા હેઠળ જેલમાં ધકેલવાની દરખાસ્ત કરવી જોઈએ જેથી પોલીસની છાપ બગડી રહી છે તેમાં સુધારો આવી શકે.

# ડીસા સિવિલમાં વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો

**સમગ્ર કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડો.એમ. એ. તુવર, ડો.મનીષા બેન , એ. આર.ટી. વિભાગના મેડિકલ ઓફિસર ડો.કાનન પુરોહિતે સહયોગ આપ્યો હતો તથા કોલેજના તમામ સ્ટાફગણે પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો**





ડીસા, તા. ૨

૧ લી ડીસેમ્બરે વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે ડીસા સિવિલમાં એચ આઈ વી /એઈડ્સ વિભાગમાં છેલ્લા ૧૫ વર્ષથી કાઉન્સિલર તરીકે ફરજ બજાવતા રીના પટેલએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડીસા ખાતે એચ આઈ વી / એઈડ્સની જાગૃતિ માટેના પ્રયાસ રૂપે વિદ્યાર્થીઓ પાસે ચિત્ર સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા , વક્તૃત્વ સ્પર્ધા, નાટક જેવા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડો.એમ. એ. તુવર, ડો.મનીષા બેન , એ. આર.ટી. વિભાગના મેડિકલ ઓફિસર ડો.કાનન પુરોહિતે સહયોગ આપ્યો હતો તથા કોલેજના તમામ સ્ટાફગણે પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો , આ કાર્યક્રમમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# જન્મદિને વધામણી



ધનવંતભાઈ હીરાભાઈ જયસ્વાલ
બાયડ



દીપેશ ભાઈ જોશી
વિવેકાનંદ સોસાયટી
બાયડ



તરુણ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ

# પ્રાંતિજ પોલીસે વાઘપુર-ભાગપુર પાસેથી ખનીજ ચોરી કરતા આઠથી વધુ ટ્રેકટર ઝડપ્યા







પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વાઘપુર-ભાગપુર પાસેથી સાબરમતી નદીમાથી વગર પાસ પરમીટે ખનીજ ચોરી કરતા આઠ થી વધુ રેતી ભરેલ ટ્રેકટર પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા. પ્રાંતિજ નજીક આવેલ સાબરમતી નદી માથી રાત દિવસ અઢળક ખનીજ ચોરી થવાની બુમરાહ ઉઠી છે ત્યારે જેની જવાબદારી છે તે ખાનખનીજ વિભાગ હાલતો હપ્તા ની લ્હાય મા આંખ આડા કાન કરી રહી છે ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ જાડેજા દ્વારા આજે વાઘપુર-ભાગપુર રોડ ઉપર સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા વાઘપુર-ભાગપુર પાસે આવેલ સાબરમતી નદી માથી વગર પાસ પરમીટ વગર ખનીજ ચોરી કરી ને જઈ રહેલ રેતી ના આઠ થી પણ વધારે ટ્રેકટરો ને ઝડપી પાડયા હતા તો પ્રાંતિજ પીઆઈ ની આ કાર્યવાહી ને લઈ ને ખનીજ ચોરી કરી રહેલ ખનીજ માફિયાઓ મા ફફડાટ ફેલાયો હતો તો ખનીજ વિભાગ ના જવાબદાર તંત્ર ના અધિકારીઓ સામે પણ કેટલાય સવાલો ઉભા થયા છે ત્યારે હાલતો પ્રાંતિજ સહિત તાલુકા મા આવેલ ઓરાણ , સીતવાડા , ગળતેશ્વર , અનોડીયા , ગેડ ,સાંપડ સહિત ગામોમાંથી રોજ ના ૨૦૦ થી પણ વધારે ટ્રેકટરો વાહનો મા સાબરમતી નદી માથી રેતી ની રાત્ર દિવસ ચોરી થાય છે ત્યારે હાલતો જવાબદાર તંત્ર હપ્તા ની લ્હાય મા આંખ આડે કાન આડા કરે છે ત્યારે હાલતો પ્રાંતિજ પોલીસ સ્ટેશન દ્વારા આઠ થી પણ વધારે રેતી ભરેલ ટ્રેકટર ઝડપી પાડતા ખનીજ ચોરી કરી રહેલ ખનીજ ચોરો મા ફફડાટ જોવા મલ્યો હતો

**અંગદાન જાગૃતિ અભિયાનને બનાસકાંઠા જિલ્લામાં વ્યાપક આવકાર**

# ડીસાની શ્રી નવજીવન બી. એડ્. કોલેજ દ્વારા અંગદાન જાગૃતિ રથનું ભવ્ય સ્વાગત કરાયું

## અંગદાન અંગે સામાજિક જાગૃતિ જરૂરી છેઃ દિલીપભાઈ દેશમુખ

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના અંબાજીથી શરૂ થયેલ અંગદાન અંગેના જાગૃતિ રથનું ડીસા ખાતે રેલી યોજી શ્રી નવજીવન બી. એડ્. કોલેજ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અંગદાન જાગૃતિના પ્રણેતા દિલીપભાઈ દેશમુખ (દાદા) એ અંગદાન અંગે યુવાનોને કાર્ય કરવા માટે આહ્વાન કર્યું હતું.

મહારાષ્ટ્રના વતની દિલીપભાઈ દેશમુખને અંગ પ્રત્યારોપણ દ્વારા ૧૬ મહિના પહેલા નવજીવન મળ્યું છે તેઓએ ત્યારથી મક્કમ ધ્યેય દ્વારા અંગદાન જાગૃતિ અંગેના પ્રયાસો શરૂ કર્યા છે. અંબાજીથી અંગદાન જાગૃતિ રથ લઈ નીકળેલા દિલીપભાઈ દેશમુખ અને અન્ય યુવા કાર્યકર્તાઓનું ડીસાના પ્રવેશ દ્વારમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.ત્યારબાદ બાઈક રેલી સ્વરૂપે ડીસાના મુખ્ય માર્ગો પર રેલી કરી અંગદાનની જાગૃતિ ફેલાવી હતી. ત્યારબાદ ડીસાની જાણીતી શ્રી નવજીવન બી એડ્. કોલેજ ખાતે અંગદાન રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દાદા દિલીપભાઈ દેશમુખે તમામ તાલીમાર્થીઓને પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે ત્રણ લાખ લોકોને અંગની જરૂર છે ત્યારે અંગદાન અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. આ અભિયાનને બનાસકાંઠા જિલ્લામાં વેગવંતુ બનાવવા યુવાનોને અપીલ કરું છું. કેવા સંજોગોમાં અંગદાન કરી શકાય ? તે અંગે તેઓએ વિસ્તૃત માહિતી આપી હતી. આ જાગૃતિ રથના દાતા ટી.પી રાજપુત, પીરાભાઈ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, કનુભાઈ વ્યાસ, સામાજિક કાર્યકર કનુભાઈ જોષી, રથના કન્વીનર માનાભાઈ પટેલ, બી.એડ. કોલેજના ટ્રસ્ટી બાબુભાઈ પટેલ તથા સામાજિક કાર્યકર ડૉ. રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દાદા દિલીપભાઈ દેશમુખ નિર્મિત 'તર્પણ' નામની ટેલી ફિલ્મ બતાવવામાં આવી હતી.આમ બનાસકાંઠા જિલ્લામાં અંગદાન યાત્રાને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.


ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


# બનાસકાંઠામાં તમામ ૨૦ લાખ પશુઓનું ટેગીંગ કરી, આધાર કાર્ડ અપાશે : શંકરભાઈ ચૌધરી

## પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુ સહાય યોજનાના ચેક અપાયા : પશુદિઠ વધુ ઉત્પાદન મેળવતી મહિલાઓને સન્માનીત કરાઇ

પાલનપુર, તા. ૨

દુધાળા પશુઓનું ડેરી એકમ સ્થાપીને જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો "આત્મનિર્ભર" બને તે માટે સરકારશ્રીની પશુ ડેરી ફાર્મ યોજના અંતર્ગત આજે બનાસડેરીએ ૬૦૮ જેટલા લાભાર્થીઓને ૧૧ કરોડની સહાયના ચેક અર્પણ કર્યા હતા. બનાસ મેડીકલ કોલેજ મોરિયા ખાતે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લામાં પશુદિઠ સૌથી વધુ દૂધ ઉત્પાદન મેળવનાર કર્મયોગી બહેનોને પણ રોકડ ઈનામ આપીને સન્માનવામાં આવી હતી. એજ પ્રમાણે કુત્રિમ બીજદાન ક્ષેત્રે સુંદર કામગીરી કરનાર એ.આઈ.કર્મચારીઓને પણ રોકડ ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાને ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું કે પશુદિઠ વધુ દૂધ ઉત્પાદન મેળવીને જિલ્લાની બહેનોએ અથાગ પુરુષાર્થનું કામ કર્યું છે. જિલ્લા કક્ષાએ ભેંસ વિભાગમાં દૈનિક ૨૪.૬ લીટર દૂધ મેળવનાર ઉઙ્ક્નવાડાના રાવલ જેઠીબેન શંકરભાઈ,દેશી ગાય વિભાગમાં દૈનિક ૨૨.૪ લીટર દૂધ મેળવનાર જડીયાલીના ચૌધરી રમકુંબેન ખેંગાર અને એચ.એફ.ગાય વિભાગમાં દૈનિક ૪૧.૭૨ લીટર દૂધ મેળવનાર સરદારપુરાના પટેલ કુંવરબેન જેસુંગભાઈને રૂ.૧૫૦૦૦ ના ઈનામથી નવાજવામાં આવ્યા હતા. જોકે ચેરમેનશ્રીએ તમામ ઈનામોની રકમ ડબલ આપવાની જાહેરાત કરતા તમામ બહેનોને ઈનામની રકમ બેવડાઈ હતી.



ચેરમેનએ જણાવ્યું હતું કે બનાસડેરી વિવિધ રાજ્યોમાં તેની કામગીરીના વિસ્તૃતિકરણના ભાગરૂપે વિવિધ પ્લાન્ટ્સનું આયોજન કરી રહી છે તેમ છતાં પશુપાલકોને ચૂકવાતા ભાવમાં કે ભાવફેરમાં કોઈ ફરક પડશે નહિ અને ભૂતકાળ કરતા પણ સવાયો ભાવ કે ભાવફેર(નફો) આપવાનું ચાલુજ રાખશે. તેમણે ઉમેર્યું કે કેન્સર જેવા અસાધ્ય રોગોનો સામનો કરવા જિલ્લો ઓર્ગેનિક જિલ્લો બંને તે દિશામાં બનાસડેરી પણ કામ કરશે અને લોકોની સુખાકારી માટે ચીજ વસ્તુઓનું ઓર્ગેનિક માર્કેટ ઉભું થાય તે માટે બજાર ઉભું કરીને જીલ્લાના ખેડૂતોની આર્થિક સમૃદ્ધી પણ વધારવાનું કામ કરશે. બનાસડેરી એ દુધના વ્યવસાયની સાથે સાથે મધ, ટી.એચ.આર, ગોબર ગેસ જેવા નવા વ્યવસાયો ઉભા કરીને પશુપાલકોની આવક વધે તે માટે પ્રયાસ કર્યા છે.

અંગદાન માટેની મુહિમ ચલાવતા દિલીપભાઈ દેશમુખે જણાવ્યું હતું કે દેશમાં ૩ લાખ લોકો લીવર, કિડની કે હૃદયની જરૂરિયાત સામે ઝઝૂમી રહ્યા છે. અંગદાનનું મહત્વ સમજાવતા તેમણે ઉમેર્યું કે એક બ્રેનડેડ વ્યક્તિ ચારથી છ લોકોને જીવનદાન આપી શકે છે. અંગદાનની વાત સત્ય, પ્રેમ અને કરુણાની વાત છે. જેના હૃદયમાં કરુણા જન્મે તેજ મહાન છે.

આ પ્રસંગે બનાસડેરીના ડીરેકટર જોઈતાભાઈ પટેલ, અણદાભાઈ પટેલ, પી.જે.ચૌધરી અને ઈ.એમ.ડી.સંગ્રામભાઈ ચૌધરીએ ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં બનાસડેરીએ સાધેલી સિદ્ધિઓના વર્ણન કરીને જીલ્લાના પશુપાલકો અને ખેડૂતો માટે બનાસડેરી સાચા અર્થમાં વીરાન ભૂમિમાં મીઠા જળની વીરડી સાબિત થઈ હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે વા.ચેરમેન ભાવાજી રબારી, નિયામક મંડળના સભ્યો દિલીપસિંહ બારડ, ઈશ્વરભાઈ પટેલ, મુળજીભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, રામજીભાઈ દેસાઈ, રાયમલભાઈ ચૌધરી, ધુડાભાઈ પટેલ તેમજ વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠાની ૫૮૮ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે ૫૫૧ ઉમેદવારી પત્રો ભરાયા

**ઉમેદવારી પત્ર ભરવાના તત્રણ દિવસ સભ્ય પદ માટે ૮૫૦ નામાંકન પત્ર રજૂ થયા : ડીસા તાલુકામાં સૌથી વધુ સરપંચના ૧૩૪ અને સભ્યના ૧૬૩ ઉમેદવારી પત્ર ભરાયા**

પાલનપુર તા. ૨

બનાસકાંઠા જિલ્લાની ૫૮૮ ગ્રામ પંચાયતમી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના ત્રીજા દિવસ સુધીમાં વિવિધ ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ૫૫૧ અને વોર્ડ સભ્ય માટે ૮૫૦ ઉમેદવારી પત્રો ભરાયા છે જ્યારે સરપંચ માટે અત્યાર સુધીમાં સૌથી વધુ ડીસામાં ૧૩૪ અને સભ્ય માટે ૧૬૩ ઉમેદવારી પત્રો રજૂ થયા છે.

બનાસકાંઠાની ૫૮૮ ગ્રામ પંચાયતની સામાન્ય અને ૫૮ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીઓને લઈ ગ્રામીણ ક્ષેત્રે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે જેમાં ગત સોમવાર ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થઈ હતી જેમાં ત્રીજા દિવસ સુધીમાં જિલ્લામાં સરપંચ માટે ૫૫૧ અને સભ્ય પદ માટે ૮૫૦ ઉમેદવારી પત્રો રજૂ થયા છે.

જેમાં સરપંચ પદ માટે પાલનપુર તાલુકામાં ૫૩,વડગામ ૨૪, દાંતા ૨૧,અમીરગઢ ૧૩,ડીસા ૧૩૪,કાંકરેજ ૩૮,

દિયોદર ૨૭,લાખણી ૩૬, ધાનેરા ૪૧, દાંતીવાડા ૧૫,થરાદ ૧૦૦,વાવ ૨૩,સુઈગામ ૧૬ અને ભાભર માં ૧૦ મળી કુલ ૫૫૧ ઉમેદવારી પત્રો ભરાયા હતા.

**વિવિધ તાલુકામાં ભરાયેલા ફોમ**

| તાલુકો | સરપંચ | સભ્ય |
|---|---|---|
| પાલનપુર | ૫૩ | ૧૪૧ |
| વડગામ | ૨૪ | ૪૯ |
| દાંતા | ૨૧ | ૪૫ |
| અમીરગઢ | ૧૩ | ૨૦ |
| ડીસા | ૧૩૪ | ૧૬૩ |
| કાંકરેજ. | ૩૮ | ૯૪ |
| દિયોદર | ૨૭ | ૫૬ |
| લાખણી | ૩૬ | ૩૬ |
| ધાનેરા. | ૪૧ | ૩૬ |
| દાંતીવાડા | ૧૫ | ૩૧ |
| થરાદ | ૧૦૦ | ૯૨ |
| વાવ | ૨૩ | ૨૮ |
| સુઈગામ | ૧૬ | ૧૬ |
| ભાભરમાં | ૧૦ | ૧૬ |
| કુલ | ૫૫૧ | ૮૫૦ |

# ડીસા મોદી સમાજ દ્વારા બહુચર માતાના મંદિરમાં રસ-રોટલી પ્રસાદનું આયોજન

પાલનપુર તા. ૨

ડીસા શહેરના મોઢ મોદી ઘાંચી જ્ઞાતિ સમાજ તેમજ મોદી સમાજ રસ-રોટલી સમિતિ દ્વારા લાઠી બજાર ખાતે આવેલ મોદી સમાજની વાડીમાંમાં બહુચર ની રસ-રોટલી ભોજન પ્રસાદ સુન્દર આયોજન કરવામાં આવેલ તેમજ અન્નકૂટ મહોત્સવ નું સુંદર આયોજન કરવામાં આવેલ છે.



માગસર સુદ બીજના દિવસે મા બહુચરના ભક્તો એવા વલ્લભ ભટ્ટ ની લાજ રાખવા માટે માતાજીએ ભર શિયાળે કેરીનો રસ અને રોટલી નું જમણ કરાવ્યું હતું.

આ વર્ષે પણ મોદી સમાજ દ્વારા તા ૪/૧૨/૨૧ ને શનિવાર રે સોભાયાત્રા નિકળશે અને માગશર સુદ બીજ ને રવિવાર તા ૫/૧૨/૨૧ ના રોજ મોદી સમાજની વાડીમાં બહુચર માંના મંદિરમાં રસ-રોટલી ભોજન પ્રસાદ નુ આયોજન કરવામાં આવેલ અને સાથે સાથે ભવ્ય અન્નકૂટ દર્શન નુ આયોજન કરવામાં આવશે કારતક વદ ૧૪ ને શુક્રવારે તા ૩/૧૨/૨૦૨૧ ના રોજ આનંદ ગરબાની રમઝટ બોલાવશે શ્રી કૃષ્ણ આનંદ ગરબા મંડળ અને માગશર સુદ એકમ ને તા ૪/૧૨/૨૦૨૧ ના બપોરે ૨:૩૦ કલાકે ચંદ્રલોક રોડ અંબિકાનગર થી માતાજી ની અસવારી નીકળશે અને ડીસા શહેર ની પરિક્રમા કરીને મોદી સમાજની વાડીમાં પહોંચશે ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે અને રાત્રે ડીસા ના વિવિધ આનંદ ગરબા મંડળ આનંદ ગરબા ની રમઝટ મચાવશે માગશર સુદ બીજને તા ૫/૧૨/૨૦૨૧ ને રવિવારે સમાજની વાડીમાં રસ-રોટલી ભોજન પ્રસાદ નુ સુંદર આયોજન કરવામાં આવશે અને મોદી સમાજના ભાઈઓ અને બહેનો પ્રસાદ ગ્રહણ કરશે સરકાર ની ગાઈડ લાઈન મુજબ માસ્ક પહેરીને તેમજ સોશિયલ ડીસ્ટન નુ પાલન કરવું અને સેનીટાઈઝરનો ઉપયોગ કરવો એવું મોદી સમાજ ના આગેવાનો દ્વારા અનુરોધ કરવામાં આવેલ આ આયોજન ડીસા મોઢ મોદી ઘાંચી જ્ઞાતિ સમાજ તેમજ મોદી સમાજ રસ-રોટલી સમિતિ દ્વારા કરવામાં આવે છે

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં LRDના યુવાનોને દોડ માટે ગ્રાઉડ ન આપતા રજૂઆત કરાઈ

પાલનપુર તા.૨

દાંતીવાડા કૃષિ યુનિર્વિસટીમાં LRDના યુવાનોને દોડ માટે ગ્રાઉડ ન આપતા મામલતદાર અને પોલીસવડાને રજૂઆત કરાઈ.

યુવાનો જિલ્લા પોલીસ વડા,મામલતદાર કચેરી પહોંચી ગ્રાઉન્ડ ફાળવવા રજૂઆત કરી હતી.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ગ્રાઉન્ડ હોવા છતાં ગ્રાઉન્ડનો ઉપયોગ કરવાનો કુલપતિએ ના પાડતાં LRD ભરતી તૈયારી કરતાં દાંતીવાડા તાલુકાના આજુબાજુના અનેક ગામોના યુવાનોએ કૃષિ યુનિવર્સિટીનું ગ્રાઉન્ડ ફાળવવા મામલતદાર, તેમજ પોલીસ વડાને રજૂઆત કરી હતી.

રાજ્યમાં પોલીસ ,આર્મી અને બીએસએફ જેવી સરકારી ભરતીઓ ટુક સમયમાં યોજાવાની છે. દાંતીવાડાના આજુબાજુ ગામડાઓના મોટા ભાગના ખેડૂત પુત્રો હાલમાં આ પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે.ત્યારે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં સુવિધા સજ્જ ગ્રાઉન્ડ ઉપલબ્ધ છે છતાં યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રવીન્દ્ર ચૌહાણ દ્વારા આ યુવાનોને દોડ માટે ગ્રાઉન્ડમાં પ્રવેશવાની ના પાડી દીધી છે.

જેને લઈ બુધવારે તાલુકાના મોટી સંખ્યામાં યુવાનો કૃષિ યુનિવર્સિટીના કુલપતિ, દાંતીવાડા મામલતદાર સહિત પોલીસ મથકે પહોંચ્યા હતા, અને બાદ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા સમક્ષ લેખિત રજુઆત કરી યુનિવર્સિટીનું ગ્રાઉન્ડ ફાળવવા માટે માંગણી કરવામાં આવી છે.

# બનાસકાંઠામાં શીત લહેરથી લોકો ઠુંઠવાયા

પાલનપુર તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે વહેલી સવાર થીજ વાતાવરણ ડામાડોળ બનતા દિવસ દરમ્યાન શીત લહેર પ્રસરી હતી જેને લઈ લોકોએ ઠંડી નો અનુભવ કર્યો હતો અને ફૂટપાથ વસતા લોકો આ ઠંડીમાં ઠુંઠવાયા હતા.